# વન ટાઈમ સેટલમેન્ટ યોજના

ડૉ.બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫ મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના લાભાર્થીઓ માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના અન્વયે વ્યાજ અને દંડનિય વ્યાજ માફ કરવા બાબત.....

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૪૨૦૧૫/૧૩૧૭૦૧/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- 24 AUG 2015

વંચાણમાં લીધા:-

૧) ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૧૮/૦૫/૨૦૧૫ નો પત્ર ક્રમાંક:અવિકો/વસુલાત/વ.ટા.સે./૨૦૧૫-૧૬/૪૬૮.

૨) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૬/૦૫/૨૦૧૫ નો પત્ર ક્રમાંક:ગુસકાવિનિ/વટાસે/૨૦૧૫-૧૬/૧૮૭૭.

આમુખ:-

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા અનુસૂચિત જાતિના લાભાર્થીઓ તેમજ સફાઈ કામદારોને વિવિધ યોજનાઓ હેઠળ ધિરાણ કરવામાં આવે છે. આ બન્નેં નિગમો દ્વારા કરવામાં આવેલ ધિરાણની રકમ તથા તેના ઉપરનું વ્યાજ અને દંડનીય વ્યાજની રકમ સમય જતાં વધતાં અનુસૂચિત જાતિના નીચલા સ્તરનાં આવા લાભાર્થીઓ આવી મોટી રકમ ભરવાની સક્ષમતા ધરાવી શકતા ન હોય તેમ જણાયેલ છે. આ પ્રકારની બાકી વસુલાતનાં કારણે રકમ પરત ભરપાઈ ન થવાના કારણે નવા લાભાર્થીઓને ધિરાણ આપવાની પ્રવૃત્તિને અસર પડે છે.

આથી વંચાણે લીધેલ ક્રમ – (૧) અને (૨) પરના પત્રોથી ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા

ગુજરાત સફાઈ કામદાર વિકાસ
નિગમ ગાંધીનગર
ઈનવર્ડ નં. 195
તારીખ 27/8/15



(285)

અનુસૂચિત જાતિના અને સફાઈ કામદારોના લાભાર્થીઓને વ્યાજ અને દંડનીય વ્યાજ વન ટાઈમ સેટલમેન્ટ યોજના હેઠળ માફ કરવા લાભાર્થીઓની યાદી સાથે દરખાસ્ત કરેલ છે.

<u>ઠરાવ:</u>

વંચાણે લીધેલા ક્રમ – (૧) અને (૨) ના સંદર્ભથી બન્ને નિગમોની દરખાસ્તમાં વન ટાઈમ સેટલમેન્ટ માટે લાભાર્થીઓની યાદી સહ નીચે મુજબની રકમ માફ કરવાની દરખાસ્ત થયેલ છે.

| નિગમનું નામ | લાભાર્થીઓની સંખ્યા | બાકી મુદ્દલ (રૂ.લાખમાં) | બાકી વ્યાજ (રૂ.લાખમાં) | બાકી દંડનીય વ્યાજ (રૂ.લાખમાં) | વન ટાઈમ સેટલમેન્ટ યોજના હેઠળ માફ કરવાપાત્ર વ્યાજ (૪+૫) (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ | ૩૦,૬૯૬ | ૬,૭૭૨ | ૩,૬૭૨ | ૧,૪૭૪ | ૫,૧૪૬ |
| ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | ૩૨,૫૬૨ | ૧૨,૯૭૧ | ૨,૬૪૭ | ૨૯૫ | ૨,૯૪૨ |
| કુલ:- | ૬૩,૨૫૮ | ૧૯,૭૪૩ | ૬,૩૧૯ | ૧,૭૬૯ | ૮,૦૮૮ |

જે દરખાસ્ત પરત્વે સક્રિય વિચારણાને અંતે, હાલમાં ડૉ.બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫ મી જન્મ જયંતીની રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલ ઉજવણી નિમિત્તે ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના લાભાર્થીઓ માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના નીચેની શરતોને આધિન અમલમાં મુકવામાં આવે છે.

૧) આ યોજનાનો લાભ લેનાર અરજદારે લેખિતમાં અરજી કરવાની રહેશે.
૨) આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા લાભાર્થીઓએ એક સાથે અથવા હપ્તેથી અરજીની તારીખે બાકી મુદ્દલની રકમ તા:૩૧/૦૧/૨૦૧૬ ની મુદ્દત સુધીમાં ભરપાઈ કરવાની

રહેશે અને આવી મુદ્દલની રકમ સંપુર્ણ ભરાયેથી લાભાર્થીના ખાતામાં ચઢેલ વ્યાજ તથા દંડનીય વ્યાજની રકમ માફ કરી તેનું ખાતું સરભર કરવાનું રહેશે.

૩) રાજ્ય સરકારની આ યોજના અંગે નિગમ દ્વારા બહોળી પ્રસિદ્ધિ કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલેશ શાહ)
સરકારના નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(નાં.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, અ, અ-૧, હ, ગ, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.